### ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન

## ‘જન ભાગીદારી - સૌથી દૂર, સૌથી પહેલા’ અભિયાન અંતર્ગત જનજાતીય ગરિમા ઉત્સવ કેમ્પોની વણઝાર

**સેંકડો** વનબંધુઓએ સરકારી યોજનાઓનો લાભ લીધો

(પ્રતિનિધિ) વડોદરા, તા.20
કેન્દ્ર સરકારના માર્ગદર્શન હેઠળ વડોદરા જિલ્લામાં વસતા જનજાતીય પરિવારોના સર્વાંગી ઉત્કર્ષ અને સરકારી યોજનાઓના સો ટકા સંતૃપ્તીકરણ માટે ‘જન ભાગીદારી - સૌથી દૂર, સૌથી પહેલાં’ અભિયાનનો ઉત્સાહપૂર્વક પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અભિયાન અંતર્ગત જિલ્લાના વિવિધ તાલુકાઓમાં આયોજિત ‘ધરતી આબા જનજાતીય ગરિમા ઉત્સવ’ કેમ્પો દ્વારા અંત્યોદય પરિવારો સુધી સીધો લાભ પહોંચાડવામાં આવી રહ્યો છે.

આ અભિયાનના પ્રથમ ત્રણ દિવસ દરમિયાન ડભોઈ, વાઘોડિયા, કરજણ, શિનોર, ડેસર અને વડોદરા ગ્રામ્ય તાલુકાના અનેક ગામોમાં સઘન આઈ.ઈ.સી. (માહિતી, શિક્ષણ અને સંચાર) પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. આ કેમ્પોમાં વસાવા, રાઠવા, રાઠોડીયા, તડવી અને ભીલાલા જેવી વિવિધ જનજાતિના લોકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

કેમ્પોની મુખ્ય સિદ્ધિઓ અને



તેમાં પૂરી પાડવામાં આવતી સેવાઓ વિશે વાત કરીએ તો, જનજાતિ પરિવારોને સ્થળ પર જ આધાર કાર્ડ (૧૫૦થી વધુ), આયુષ્માન ભારત કાર્ડ, રેશન કાર્ડ અને જાતિના દાખલા જેવી મહત્વપૂર્ણ સેવાઓ પૂરી પાડવામાં આવી છે. સાથે જ આરોગ્ય વિભાગ દ્વારા સિકલ સેલ એનીમિયા ટેસ્ટિંગ, ટીબીના સક્રિય કેસની શોધ અને નિઃશુલ્ક તબીબી તપાસ સાથે દવાઓનું વિતરણ કરવામાં આવ્યું છે.

તદુપરાંત પીએમ કિસાન સન્માન નિધિ, પીએમ માતૃ વંદના યોજના, પેન્શન યોજના, પીએમ ઉજ્જવલા યોજના અને પીએમ વિશ્વકર્મા જેવી યોજનાઓ હેઠળ લાભાર્થીઓને સહાય અને માર્ગદર્શન આપવામાં આવ્યું છે. તેમજ ગ્રામ્ય સ્તરે લોકોમાં જાગૃતિ લાવવા માટે વોલ પેઈન્ટિંગ, હોર્ડિંગ્સ, પોસ્ટર્સ અને સેલ્ફી પોઈન્ટ્સ જેવી આકર્ષક વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી છે.

### અકોટી પાસે કપચી ભરેલી હાઈવા પલટી મારતા ચાલક ઈજાગ્રસ્ત

ડભોઈ : ડભોઈ તિલકવાડા માર્ગ પર અકોટી ગામ ના વળાંક માં કપચી ભરી ને તિલકવાડા તરફ જતી હાઈવા ટ્રક ના ચાલકે મોટર સાયકલ ચાલક ને બચાવવા જતા સ્ટેરીંગ પર થી કાબુ ગુમાવ્યો હતો. જેથી ટ્રક માર્ગ પર વળાંક મા જ પલટી ખાઈ ગઈ હતી. જેમાં ચાલક ને ઓછીવત્તી ઈજાઓ થવા પામી હતી. ડભોઇ તિલકવાડા માર્ગ પર બપોર ના અકોટી ગામ ની ઓરસંગ નદી નો બ્રિજ પસાર કરી કપચી ભરેલ ટ્રક આગળ વધી રહી હતી.તેવામાં અકોટી ગામ ના વળાંક માં મોટર સાયકલ ચાલક ને બચાવવા જતા ટ્રક ના ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવ્યો હતો. ચાલક કઈ સમજે તે પહેલા જ મોટા ધડાકા સાથે ટ્રક માર્ગ પરજ પલટી ખાઇ ગઈ હતી.

## બોડેલીમાં હેમલતાબેન કોલીનો તાલુકા પંચાયત પ્રમુખ તરીકે ભાજપ દ્વારા મેન્ડેટ જાહેર કરાયા

**બોડેલી** પંચાયતમાં ભાજપનું નવું માળખું: હોદ્દેદારો જાહેર થતાં જ રાજકારણ ગરમાયું

(પ્રતિનિધિ) બોડેલી, તા.20
બોડેલી તાલુકા પંચાયતમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા વિવિધ હોદ્દાઓ માટે સત્તાવાર મેન્ડેટ જાહેર કરવામાં આવ્યા છે. પક્ષના નિશાન પર ચૂંટાયેલા સભ્યો માટે આ મેન્ડેટ જાહેર થતા તાલુકા રાજકારણમાં નવી ચર્ચાઓ જોર પકડ્યું છે જાહેર કરાયેલા મેન્ડેટ મુજબ હેમલતાબેન હિતેશભાઈ કોલીની તાલુકા પંચાયત પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે, હિતેશ ભાઈ કોલી છેલ્લા પાંચ



વર્ષ દરમિયાન તાલુકા પંચાયત માં હોદ્દેદાર તરીકે હતાજ્યારે રમણભાઈ રામાભાઈ નાયકાને ઉપ-પ્રમુખ તરીકે પસંદ કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત રવિરાજસિંહ મહેન્દ્રસિંહ ઠાકોરને કારોબારી સભ્ય, શિલ્પાબેન મયુરભાઈ કોલીને પક્ષના નેતા તથા નરપતભાઈ નગીનભાઈ રાઠવાને દંડક તરીકે જાહેર કરવામાં આવ્યા છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા અધિકૃત વ્યક્તિને આ નામોને મંજૂરી આપી મેન્ડેટ જાહેર કરવાની સત્તા આપવામાં આવી હતી. પક્ષના કાર્યકરોમાં માનવામાં આવી રહ્યું છે કે આ નિયુક્તિઓથી બોડેલી તાલુકા પંચાયતમાં ભાજપનું સંગઠન અને શાસન વધુ મજબૂત બનશે.

## ડીઝલની અછત: નસવાડીના ખેડૂતો ત્રાહિમામ, માત્ર બે જ પેટ્રોલ પંપ ચાલુ

**તંત્રના** દાવા પોકળ: નસવાડી તાલુકામાં ખેતીની સિઝને જ ડીઝલની તંગી

(પ્રતિનિધિ) નસવાડી, તા.22
નસવાડી ના આકોના ચોકડી પાસે આવેલ હિન્દુસ્તાન પેટ્રોલિયમ પેટ્રોલપંપ માલિકે ડીઝલ અને પેટ્રોલ વધારે પડતું વેચ્યું હોવાનું કંપની એ બહાનું બતાવી ને ઓનલાઈન કોડથી પંપ બંધ કરી દીધો બે દિવસ પછી કોડ ખૂલશે પેટ્રોલિયમ કંપનીઓના આવા નિયમોથી પેટ્રોલપંપ માલિકો મુશ્કેલી માં.

નસવાડી તાલુકામાં 210 ગામો આવેલા છે અને હાલ ખેડૂતો ને ખેતર ખેડવાની સિઝન ચાલી રહી છે. ટ્રેકટરો માં ડીઝલ ની



જરૂરિયાત છે તેવા સમયે ખેડૂતો ને ડીઝલ મળતું ના હોવાથી કારબા લઈને મોટી મોટી લાઈનો લગાવે છે જ્યારે ખેડૂતો નો આક્ષેપ છે. કે ડીઝલ લેવા માટે સવારથી અલગ અલગ પેટ્રોલપંપ ઉપર લાઇનો માં ઊભા રહેવું પડે છે, ત્યારે પેટ્રોલપંપ માલિકો ફક્ત 2000નું ડીઝલ આપે છે. જ્યારે ખેડૂતોને ડીઝલ લેવા માટે કલાકો સુધી તાપ માં ઊભા રહેવા મજબૂર જ્યારે ખેડૂતો ના જણાવ્યા મુજબ ડીઝલ લેવા માટે નસવાડી સુધી આવવું પડે છે. ખાધા પીધા વગર 4 થી 5 કલાક લાઈન માં ઊભા રહે ત્યારે બે હજારનું ડીઝલ આપતા હોવાથી.

### પાદરા હાઉસિંગ બોર્ડમાં યુવકે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

પાદરા : પાદરા નગર વિસ્તારમાં આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડમાં રહેતા એક યુવકે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધાનું બહાર આવતા પાદરા પોલીસ દ્વારા અકસ્માત મોતનો ગુનો નોંધવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ, કિરણભાઈ દિલીપભાઈ પરમાર (ઉ.વ.૩૫) રહે. ઘર નં.૫૯૪, ગુજરાત હાઉસિંગ બોર્ડ, પાદરા, છેલ્લા કેટલાક સમયથી પત્ની સાથે થતા ઘરેલુ ઝઘડાને કારણે માનસિક તણાવમાં રહેતા હતા.નાની નાની બાબતોમાં બોલાચાલી થતા તેમની પત્ની બાળકોને લઈને પિયર ચાલી ગઈ હતી, જેના કારણે તા.૨૦ મે ૨૦૨૬ના રોજ સાંજ સમયે પોતાના નિવાસસ્થાને રૂમમાં પંખા સાથે ઓઢણી બાંધી ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું.

## ભયજનક વળાકો પર નડતરરૂપ ઝાડીઓ દૂર કરવા લોકમાંગ

**શિનોર-દામપુરા** રોડ પર ઝાડીઓથી વધ્યું અકસ્માતનું જોખમ

(પ્રતિનિધિ) શિનોર, તા.22
શિનોર તાલુકામાંથી પસાર થતા શિનોર - દામપુરા બાયપાસ માર્ગ પર રોડ ની આજુબાજુ ઉગી નિકળેલા ઝાડી-ઝાખરા ની ડાળીઓ માર્ગ પર આવી જતાં, અહીં થી પસાર થતા વાહનચાલકો અને ખેડૂતો માં સતત અકસ્માત નો ભય સેવાઈ રહ્યો છે.

શિનોર થી દામાપુરા બાયપાસ માર્ગ હાલમાં જ નવો બનેલ છે. આ માર્ગ ખડુતો માટે ખુબ ઉપયોગી બનેલ છે. પણ આ માર્ગ પર હાલ ઝાડી ઝાંખરા ની સમસ્યા વિકટ બની છે. અહીં માર્ગ ની આજુબાજુ ઉગી નિકળેલા ઝાડી-ઝાખરા ની ડાળીઓ માર્ગ ના મધ્ય ભાગ સુધી ફેલાયેલી જોવા મળી રહી છે. વળી



આ માર્ગ પર ભયંકર વળાકો આવતા હોય સામે તરફ થી આવતા વાહનો પણ દેખાતા નહોય મોટા અકસ્માત થવાનો ભય વાહન ચાલકો અને રોજ ખેતરોમા જતા ખેડૂતો અને મજૂરોમાં ભય ઉત્પન થયેલ છે.

આ સમસ્યાને દૂર કરવા સ્થાનિક રહીશો દ્વારા માર્ગ મકાન વિભાગ ની કચેરી ને ધ્યાન દોર્યું હોવાનુ પણ જાણવા મળેલ છે. તેમ છતાં આજદિન સુધી, માર્ગ ની આજુબાજુ ઉગી નિકળેલા ઝાડી ઝાંખરા દૂર કરવાની કામગીરી તંત્ર દ્વારા હાથ નહીં ધરાતા ખેડૂતો માં તંત્ર વિરુદ્ધ ભારે રોષ જોવા મળ્યો છે.

### ખત્રી બાવીસી સમાજ દ્વારા તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ કરાયું

બોડેલી : બોડેલી ખાતે મુસ્લિમ ખત્રી બાવીસી સમાજ દ્વારા વાર્ષિક સન્માન અને ઈનામ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન વિવિધ શૈક્ષણિક અને ધાર્મિક ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓ અને યુવાનોનું સન્માન કરવામાં આવ્યું હતું.સમાજ દ્વારા ધોરણ 1 થી ધોરણ 10 સુધી અભ્યાસ કરતા એવા વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું જેમણે ઓછામાં ઓછા 80 ટકા અથવા તેથી વધુ ગુણ પ્રાપ્ત કર્યા હતા. તેમજ ધોરણ 11 અને 12ના આર્ટસ, કોમર્સ અને સાયન્સ તમામ પ્રવાહના એવા વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા જેમણે 70 ટકા અથવા તેથી વધુ ગુણ મેળવ્યા હતા. આ ઉપરાંત દરેક ધોરણના ટોપ - 3 વિદ્યાર્થીઓને વિશેષ ઈનામ અને સન્માન આપવામાં આવ્યું હતું.

## પાદરા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

**તહેવારો** દરમિયાન શાંતિ, સલામતી અને સૌહાર્દ જળવાઈ રહે તે માટે સમાજના આગેવાનોનો સહકાર

(પ્રતિનિધિ) પાદરા, તા.22
પાદરા પોલીસ સ્ટેશન ખાતે આવનારા તહેવારોને ધ્યાનમાં રાખી શાંતિ સમિતીની મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠક પાદરા પોલીસ સ્ટેશનના પી.આઈ. પી.વી. ગોહિલની અધ્યક્ષતામાં યોજાઈ હતી. જેમાં હિન્દુ તથા મુસ્લિમ સમાજના આગેવાનો, સામાજિક કાર્યકરો અને વિવિધ વિસ્તારોના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. બેઠકનો મુખ્ય હેતુ આવનારા બકરી ઈદ ના તહેવાર દરમિયાન શહેર તથા તાલુકામાં શાંતિ, સલામતી અને ભાઈચારો જળવાઈ રહે તે માટે પરસ્પર સંવાદ અને સહકાર સ્થાપિત કરવાનો હતો.

બેઠક દરમિયાન બંને સમાજના આગેવાનોએ એકમતથી પોલીસ વિભાગને ખાતરી આપી હતી કે તમામ તહેવારો સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં ઉજવવામાં આવશે અને કોઈપણ પ્રકારની અફવા, ગેરસમજ અથવા અશાંતિ ફેલાય નહીં તે માટે સમાજ સ્તરે પણ સજાગતા રાખવામાં આવશે. પી.આઈ. પી.વી. ગોહિલે ઉપસ્થિત આગેવાનોને સંબોધતા જણાવ્યું હતું કે પાદરા શહેર હંમેશાં સામાજિક એકતા અને ભાઈચારાનું ઉત્તમ ઉદાહરણ રહ્યું છે. પોલીસ વિભાગ દ્વારા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પૂરતી તકેદારી રાખવામાં આવશે.

### નસવાડી તાલુકાની આશા વર્કરોના પગાર અટવાયા

## પગાર વગર ઘર ચલાવવું મુશ્કેલ નસવાડીની આશા વર્કરો મેદાને

(પ્રતિનિધિ) નસવાડી, તા.22
નસવાડી તાલુકામાં 195 જેટલી આશા વર્કર બહેનો ફરજ બજાવે છે જ્યારે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા તેઓને દર માસે 2000 પગાર તેમજ અલગ અલગ કામગીરી માં ભથ્થા આપવામાં આવે છે એક આશા વર્કર બહેન ના 7 થી 8 હજાર જેટલા રૂપિયા ની રકમ નું બિલ બને. છે ત્યારે બે માસ થી પગાર નું ચૂકવણું ના થતા વારંવાર મૌખિક રજૂઆત કરવા છતાંય છોટાઉદેપુર જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ નસવાડી તાલુકા બ્લોક હેલ્થ ઓફિસર દ્વારા રજૂઆત નો નિકાલ ના કરવામાં આવતા આખરે આખા તાલુકાની આશા વર્કર બહેનો તાલુકા



સેવાસદનમાં આવેલી બ્લોક હેલ્થ ઓફિસરની કચેરીમાં રજૂઆત કરવા માટે પહોંચી હતી અને બ્લોક હેલ્થ ઓફિસર કચેરીમાં જતા હતા ત્યારે તેઓને રોકી ને આક્રમક રજૂઆત કરી હતી જ્યારે આર એસ પટેલ બ્લોક હેલ્થ ઓફિસર નસવાડીના જણાવ્યા મુજબ તમામના પગારના બિલ મંજૂર કરેલા છે. અને દોઢ કરોડની ગ્રાન્ટ આવશે ત્યાર બાદ પેમેન્ટ ઝડપ થી કરવામાં આવશે તેવો લૂલો બચાવ કર્યો હતો જ્યારે આશા વર્કર બહેનો ના જણાવ્યા મુજબ 2000 ના પગાર માં અમારું ઘર ચાલતું નથી બધી જવાબદારીઓ અમારા માથે નાખવામાં આવે છે, ત્યારે અમને સમયસર પગાર અને ભથ્થા મળતા ના હોવાથી અમારે મુશ્કેલી વેઠવાનો સામનો કરવો પડે છે. ઓનલાઈન કામગીરી કરવા માટે અમારી પાસે બેલેન્સ પણ નથી મોબાઈલમાં બેલેન્સના નખાવીએ તો અધિકારીઓ કામગીરી કરતા નથી તેવી બૂમો પાડે છે જવું તો ક્યાં જવું અમારી પરિસ્થિતિ દિવસે દિવસે ખરાબ થઈ રહી છે. અધિકારીઓ ને દર માસે નિયમિત પગાર થઈ જાય છે અને નાના કર્મચારીઓને નિયમિત પગાર મળતો નથી.

### પાદરાના નરસિંહપુરામાં ફોટોગ્રાફર પર હુમલાનો ગુનો નોંધાયો

પાદરા : પાદરા તાલુકાના નરસિંહપુરા ગામે બસ સ્ટેન્ડ નજીક આવેલી શિવમ ડીજીટલ ફોટો સ્ટુડિયો પાસે ફોટોગ્રાફર પર હુમલો અને ધમકી આપ્યાની ઘટનામાં વડુ પોલીસ મથકે છ વ્યક્તિઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. નરસિંહપુરા ગામે બારોટના કુવા પાસે રહેતા અને ફોટોગ્રાફીનો ધંધો કરતા અર્જુનસિંહ સામંતસિંહ પઢીયારએ ફરિયાદ નોંધાવી હતી કે સાંજે તેઓ પોતાની દુકાને હાજર હતા ત્યારે મહેન્દ્રભાઈ ઉદેસિંહ પઢીયાર દુકાને આવી ગાળાગાળી કરી તેમની ફેટ પકડી દુકાનના કેબિનમાં અથડાવ્યા હતા. ફરિયાદ અનુસાર બાદમાં દિપકભાઈ મહેન્દ્રભાઈ પઢીયારે ફરિયાદીના વાળ ખેંચી તેમને નીચે પાડી ધોલથપાટનો માર માર્યો હતો.

### ધાર્મિક લાગણી દુભાતા હિન્દુ સમાજ દ્વારા સ્ટે ઓર્ડરની માંગ

## દેથાણ ગામે મંદિર નજીક થતાં પ્લોટિંગ સામે ગ્રામજનોમાં રોષ

(પ્રતિનિધિ) કરજણ, તા.22
કરજણ તાલુકાના દેથાણ ગામે એક જમીન વેચાણનો મામલો સ્થાનિક હિન્દુ સમાજમાં ભારે રોષ અને ચિંતાનું કારણ બન્યો છે. આ ઘટના માત્ર જમીનના સોદા પૂરતી સીમિત ન રહેતા, ધાર્મિક સંવેદનશીલતા, સામાજિક સૌહાર્દ અને વહીવટી પ્રક્રિયાઓની પારદર્શિતા પર ગંભીર પ્રશ્નો ઉભા કરી રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, દેથાણ ગામની સીમમાં આવેલા ખાતા નંબર ૧૦૮, બ્લોક નંબર ૮૪ની જમીન, જે વલણ ગામના મહમદ પતાધાર નામના ખેડૂતની માલિકીની હતી, તે “બાગ-એ-ફિરદોષ” નામની એક મુસ્લિમ



સંસ્થાને રૂપિયા ૧ કરોડ ૫૦ લાખમાં વેચવામાં આવી છે. આ સોદા બાદ “બાગ-એ-ફિરદોષ” સંસ્થા દ્વારા સોશિયલ મીડિયા પર એક જાહેરાત મૂકવામાં આવી હતી, જેમાં સ્પષ્ટપણે દર્શાવવામાં આવ્યું હતું કે આ જમીન પર બનનારા પ્લોટિંગ ફક્ત પાલેજ ગામના મુસ્લિમ સમાજને જ મળશે. આ જાહેરાત વાયરલ થતાં જ દેથાણ ગામના હિન્દુ સમાજમાં ભારે નારાજગી અને લાગણી દુભાઈ છે.

લાગણી દુભાવાનું મુખ્ય કારણ એ છે કે આ જમીન નજીક એક પૌરાણિક ભોમાં કૂવો અને ખોડિયાર માતાજીનું મંદિર આવેલું છે. “બાગ-એ-ફિરદોષ રેસીડેન્સી”નો મુખ્ય રસ્તો આ મંદિરની બાજુમાંથી પસાર થવાનો છે. સ્થાનિક હિન્દુ સમાજને ભય છે કે આ વિકાસના કારણે વિસ્તારમાં અશાંતિ સર્જાઈ શકે છે અને તેમની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચી શકે છે. આ સંવેદનશીલ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, દેથાણ ગામના હિન્દુ સમાજે કરજણ મામલતદારને સ્ટે ઓર્ડર મેળવવા માટે આવેદનપત્ર સુપરત કર્યું છે.

### સાંગમા ગામે મહિલાને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી

પાદરા : પાદરા તાલુકાના સાંગમા ગામ વિસ્તારમાં મહિલાને ગાળો આપી ઝપાઝપી કરી જાનથી મારી નાખવાની ધમકી આપવાના બનાવ અંગે પાદરા પોલીસ સ્ટેશન ખાતે એક વ્યક્તિ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. ફરિયાદી સંગીતાબેન પતિ પ્રવિણભાઈ રાવજીભાઈ સોલંકી (ઉ.વ.૪૨), રહે. સાંગમા ગામ, એચ.પી. પેટ્રોલ પંપની પાછળ, તા. પાદરા, જી. વડોદરાએ પાદરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે, તા.૧૮/૦૫/૨૦૨૬ ના રોજ બપોરે અંદાજે ૧૨:૩૦ વાગ્યાના સુમારે સાંગમા ગામ પાસે આવેલા વિશેન્જા ગાર્ડન નજીક રોડ ઉપર આરોપી અંકિતભાઈ મહેશભાઈ ભીલ, પાદરા દ્વારા તેમની દિકરીને “તારે મારી સાથે આવવું છે કે નહીં” તેમ કહી હેરાન કરવામાં આવી હતી.

### ધારાસભ્ય અને પાલિકા પ્રમુખની ઉપસ્થિતિમાં વસ્તી ગણતરી

## કરજણથી વસ્તી ગણતરી ૨૦૨૭નો શુભારંભ: એક ઐતિહાસિક પહેલ

(પ્રતિનિધિ) કરજણ તા.22
ભારત સરકાર દ્વારા 2027માં યોજાનારી વસ્તી ગણતરીના પ્રથમ ચરણનો પ્રારંભ થઈ ચૂક્યો છે, અને આ રાષ્ટ્રવ્યાપી મહાઅભિયાનનો શુભારંભ કરજણ જેવા નાના પણ મહત્વપૂર્ણ નગરથી થયો છે. આ પહેલ માત્ર આંકડાકીય માહિતી એકત્રિત કરવા પૂરતી સીમિત નથી, પરંતુ તે દેશના ભવિષ્યના નિર્માણ માટેનો એક પાયાનો પથ્થર છે. કરજણ તાલુકા અને નગરના પ્રથમ નાગરિકો, ધારાસભ્ય શ્રી અક્ષય પટેલ અને નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી ઈલબા અટાલિયાના ઘરેથી આ ગણતરીનો પ્રારંભ થવો એ એક પ્રતીકાત્મક અને પ્રેરણાદાયક ઘટના છે.

વસ્તી ગણતરી એ માત્ર સંખ્યાઓની ગણતરી નથી, પરંતુ તે એક રાષ્ટ્રના સામાજિક, આર્થિક અને ભૌગોલિક ચિત્રને ઉજાગર કરતો અરીસો છે. તે સરકારને નીતિ નિર્ધારણ, સંસાધનોનું યોગ્ય વિતરણ, વિકાસ યોજનાઓનું આયોજન અને ભવિષ્યની જરૂરિયાતોને પહોંચી વળવા માટે જરૂરી ડેટા પૂરો પાડે છે. દરેક વ્યક્તિની ગણતરી થવી એ સુનિશ્ચિત કરે છે કે કોઈ પણ સમુદાય કે વ્યક્તિ વિકાસના પ્રવાહથી વંચિત ન રહે.

કરજણથી શરૂ થયેલું આ પ્રથમ ચરણ 17 મે, 2026 થી 31 મે, 2026 સુધી ચાલશે. આ સમયગાળા દરમિયાન, ગણતરી કરનારાઓ ઘરે-ઘરે જઈને માહિતી એકત્રિત કરશે. આ પ્રક્રિયામાં નાગરિકોનો સહયોગ અત્યંત આવશ્યક છે. સચોટ માહિતી પૂરી પાડવી એ દરેક નાગરિકની રાષ્ટ્રીય ફરજ છે, કારણ કે આ માહિતીના આધારે જ ભવિષ્યની યોજનાઓ ઘડવામાં આવશે જે સીધી રીતે તેમના જીવનને પ્રભાવિત કરશે.

ધારાસભ્ય શ્રી અક્ષય પટેલ અને નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી ઈલબા અટાલિયા જેવા લોકપ્રતિનિધિઓ દ્વારા આ અભિયાનનો પ્રારંભ થવો એ દર્શાવે છે કે સરકાર આ પ્રક્રિયાને કેટલી ગંભીરતાથી લઈ રહી છે. તેમનો સહયોગ અને સક્રિય ભાગીદારી અન્ય નાગરિકોને પણ આ પ્રક્રિયામાં ઉત્સાહભેર ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરશે.

## શિનોર હની ટ્રેપ કેસમાં મુખ્ય આરોપી મનીષા અને એહમદ જામીન પર મુક્ત

(પ્રતિનિધિ) શિનોર, તા.22
શિનોર પોલીસ મથકે નોંધાયેલા ચકચારી હની ટ્રેપ કેસમાં મુખ્ય આરોપી મનીષા ઉર્ફે શાંતા ભુરા વસાવા અને આરોપી એહમદ પઠાણના રિમાન્ડ પૂર્ણ થતાં કોર્ટે બંનેને શરતી જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો છે. રિમાન્ડ દરમિયાન પોલીસે મનીષા પાસેથી રૂ. 2 લાખ રોકડા તેમજ એહમદ પાસેથી એક બાઈક રિકવર કરતા અત્યાર સુધી કુલ અંદાજે રૂ. 31 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

આ કેસમાં શિનોરના હરેશ પટેલે 6 ફેબ્રુઆરી 2026ના રોજ 9 આરોપીઓ વિરુદ્ધ રૂ. 75,75,550ની બ્લેકમેઈલિંગની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ મનીષા અને તેના મળતિયાઓએ ફરિયાદીને હની ટ્રેપમાં ફસાવી અલગ-અલગ સ્થળોએ બોલાવી, નગ્ન વીડિયો બનાવી, બળાત્કારના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી.

પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે અનવર ટેલર મારફતે ફરિયાદીનો સંપર્ક મનીષા સાથે કરાવવામાં આવ્યો હતો. ત્યારબાદ મનીષાએ મળતિયાઓ સાથે મળીને ફરિયાદીને ભયભીત કરી ટુકડે-ટુકડે રૂ. 75 લાખથી વધુની રકમ પડાવી હતી. માલસર-માંડવા રોડ પર આવેલ ખેતરના મકાનમાં ફરિયાદીને માર માર્યાનો પણ આક્ષેપ છે.

શિનોર કોર્ટમાં રજૂ કરાયેલા બંને આરોપીઓની જામીન અરજી એમ.એમ. સૈયદ, પ્રિન્સિપાલ સિવિલ જજ તથા જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, ફર્સ્ટ ક્લાસ દ્વારા મંજૂર રાખવામાં આવી હતી. કોર્ટે રૂ. 95 હજારના સ્થાનિક જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા અને વિવિધ શરતોના આધારે જામીન મંજૂર કર્યા છે.

## છોટાઉદેપુર: SMCના દરોડામાં ૩૯ લાખનો દારૂ અને વાહનો ઝડપાયા

**બે સગા** ભાઈઓના મકાનમાંથી વિદેશી દારૂનો જંગી જથ્થો મળ્યો

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.22
ગુજરાતમાં દારૂબંધીના કાયદાના કડક અમલ માટે સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) એ છોટાઉદેપુર જિલ્લાના ઝોઝ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા શીલોજ ગામે ધામા નાખી એક મોટી પ્રોહિબિશન કાર્યવાહીને અંજામ આપ્યો છે. બાતમીના આધારે કરવામાં આવેલા આ દરોડામાં બે સગા ભાઈઓના મકાનમાંથી લાખો રૂપિયાની કિંમતનો વિદેશી દારૂ, દેશી દારૂ અને વાહનો સહિત કુલ ૩૯ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.



સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે ઝોઝ વિસ્તારના શીલોજ ગામના નિશાળ ફળિયામાં ગેરકાયદેસર દારૂનો સંગ્રહ અને વેપાર થઈ રહ્યો છે. આ બાતમીના આધારે એસ.એમ. સી.ની ટીમે શીલોજ ગામે રહેતા બે સગા ભાઈઓ ગેમલાભાઈ રાઠવા અને સુખીયાભાઈ રાઠવાના મકાન પર દરોડો પાડ્યો હતો.પોલીસે બંને મકાનોની તલાશી લેતા ત્યાંથી મોટા પ્રમાણમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ (IMFL) મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી કુલ ૯,૧૧૭ નંગ વિદેશી દારૂની બોટલો અને બિયરના ટીન જપ્ત કર્યા હતા. દેશી દારૂ તેમજ દેશી દારૂ બનાવવા માટેનો અંદાજે ૬,૨૦૦ લીટર કેમિકલયુક્ત વોશ (આથો) પણ મળી આવ્યો હતો. આ જંગી જથ્થાના કારણે સમગ્ર વિસ્તારમાં દારૂનું મોટું નેટવર્ક ચાલતું હોવાનું ખુલ્લું પડ્યું છે. પોલીસે જાહેર સુરક્ષાને ધ્યાનમાં રાખીને ૬,૨૦૦ લીટર વોશનો સ્થળ પર જ નાશ કર્યો હતો.વાહનો અને મોબાઈલ સહિત ૩૯ લાખનો મુદ્દામાલ જપ્તદારૂના આ મસમોટા જથ્થાની હેરફેર અને વેચાણ માટે ઉપયોગમાં લેવાતા વાહનો પણ પોલીસના હાથે ચડ્યા છે. પોલીસે ગુનાના સ્થળેથી ૨ ફોર-વ્હીલર કાર, ૫ મોટરસાયકલ (બાઈક) અને મોબાઈલ ફોન સહિત અન્ય સાધન-સામગ્રી જપ્ત કરી છે.